**કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળના લઘુતમ વેતન દર બહાર પાડવા બાબત...**

વંચાણે:- શ્રમ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના શ્ર.આ./ટે.૩/૧૪૨ થી ૧૬૪, તા.૦૧/૦૪/૨૦૨૬

## :: પરિપત્ર ::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી હસ્તકની જુદી-જુદી શિક્ષણ, સંશોધન, તથા વિસ્તરણની તમામ કચેરીઓ તથા તમામ યુનિટ-સબ યુનિટની કચેરીઓને જણાવવાનુ કે, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના ઉકત વંચાણે લીધેલ પરિપત્રથી મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારીત આપવાનુ ખાસ ભથ્થુ તા.૦૧.૦૪.૨૦૨૬ થી તા.૩૦.૦૯.૨૦૨૬ સુધીના ૬(છ) માસના સમય માટે દૈનિક રૂ.૬૦.૫૦(અંકે સાંઠ રૂપિયા અને પચાસ પૈસા પુરા)લેખે નક્કી કરવામાં આવેલ છે જેથી મુળ વેતનના દરો ઉપર **તા.૦૧.૦૪.૨૦૨૬ થી તા.૩૦.૦૯.૨૦૨૬ સુધીના ૬(છ) માસ માટે નીચે મુજબ ખાસ ભથ્થુ ચુકવવાનુ રહેશે.** જે નીચે મુજબ છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર + ખાસ ભથ્થુ (રૂપિયા) | |
|---|---|---|---|
| | | ઝોન–૧ | ઝોન–૨ |
| ૧. | કુશળ | ૪૭૪.૦૦ + ૬૦.૫૦ =૫૩૪.૫૦ | ૪૬૨.૦૦+ ૬૦.૫૦ = ૫૨૨.૫૦ |
| ૨. | અર્ધ કુશળ | ૪૬૨.૦૦+ ૬૦.૫૦ = ૫૨૨.૫૦ | ૪૫૨.૦૦ + ૬૦.૫૦ = ૫૧૨.૫૦ |
| ૩. | બિન કુશળ | ૪૫૨.૦૦ + ૬૦.૫૦ =૫૧૨.૫૦ | ૪૪૧.૦૦+ ૬૦.૫૦ = ૫૦૧.૫૦ |

**વંચાણે લીધેલ ક્રમ-૧ થી જાહેરનામાના હેતુ માટે નીચે મુજબનુ સ્પષ્ટીકરણ કરેલ છે.**

**ઝોન-૧ :** ગુજરાત રાજયમાં,ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોર્પોરેશનની હદો ની અંદર ના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલીકા અધિનિયમ,૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સત્તામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

**ઝોન-૨,** ઝોન-૧માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયના તમામ વિસ્તારનો સમાવેશ થશે.

**પ્રસ્તુત, પરિપત્ર અત્રેની શાખાની નોંધ ફાઈલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકયુ./રજી/અ.૩.૧/૨૨૨૬-૨૭૫/૨૦૨૬.**
**નવસારી.** **તારીખ:૧૮/૦૪/૨૦૨૬.**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી.**

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.**

૧ નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી ની તમામ કચેરી /યુનિટ /સબ યુનિટ અધિકારીશ્રીઓ
૨. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય

બ્લોક નં-03, E, E2, F2 વીંગ,

પહેલો માળ, કર્મયોગી ભવન,

સેક્ટર ૧૦- એ, ગાંધીનગર

Web: www.col.gujarat.gov.in

ક્રમાંક:શ્ર.આ.૬/ટે.૩/૨૦૨૬/ ૯૬૫ તા: ૦૮/૦૪/૨૦૨૬

# પરિપત્ર

## કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ હેઠળના લઘુત્તમ વેતન દર બહાર પાડવા બાબત.

આથી જણાવવાવમાં આવે છે કે, કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાં આવતા લાયસન્સની શરત નં(૪)માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જે અનુસૂચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લઘુત્તમ વેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે-તે અનુસૂચિમાં સરકારે નકકી કરેલ લઘુત્તમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવનનિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહે છે. પરંતુ જે વ્યવસાયોનો લઘુત્તમ વેતન અધિનિયમ હેઠળની અનુસૂચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુંજબનું વેતન ચૂકવવાનું રહેશે.

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસૂચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં(૬) થી મળેલ સત્તાની રૂએ, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરે શ્રમયોગીઓને ચૂકવવાની થતી મજૂરીના દર નીચે મુજબ નકકી કરેલ છે. જે તા.૨૪-૦૪-૨૦૨૩થી અમલમાં છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક મૂળ વેતન દર (રૂ./-) | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૪૭૪.૦૦ | ૪૬૨.૦૦ |
| ૨ | અર્ધ કુશળ | ૪૬૨.૦૦ | ૪૫૨.૦૦ |
| ૩ | બિન કુશળ | ૪૫૨.૦૦ | ૪૪૧.૦૦ |

**આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ**

(ક) ઝોન-૧ ગુજરાત રાજયમાં, ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોપોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સત્તામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઈ.નં. ૧૨૬૭
18 APR 2026
એડીએમ-૩ શાખા

A3.1

(ખ) ઝોન-૨ માં,ઝોન-૧ માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

ઉકત નકકી કરવામાં આવેલ વેતનદરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન-નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. આથી નિયંત કરેલ મૂળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારિત આપવાનું ખાસ ભથ્થું તા.૦૧.૦૪.૨૦૨૬ થી તા.૩૦.૦૯.૨૦૨૬ સુધીના ૬ (છ) માસના સમય માટે દૈનિક રૂા.૬૦.૫૦ (અંકે સાઈઠ રૂપિયા અને પચાસ પૈસા પૂરા) લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સતાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે. આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

શ્રમ નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંક:શ્ર.આ.૬/ટે-૩/૨૦૨૬/૧૬૬ થી ૧૮૮ તા. ૦૧/૦૪/૨૦૨૬

નકલ રવાના:

(૧) અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર:

(૨) નાયબ શ્રમ આયુકતશ્રી, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ
(તાબાની કચેરીઓને જાણ કરવા સારૂ)

(૩) કચેરીની સર્વે શાખાઓ,૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨, ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઇ.ટી.સેલ

(૪) શાખાની સિલેકટ ફાઇલ/પરિપત્ર ફાઇલ

રવાના કરવા પ્રમાણિત કર્યુ.

મદદનીશ શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર